પોલીસ કર્મચારીઓ/અધિકારીઓના
બીલ સમયસર રજુ કરવા બાબત

ગૃહ વિભાગ, ગુજરાત સરકાર
પરીપત્ર ક્રમાંક: મહક/૧૦૨૦૧૬/૨૭૦૧/સ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૬/૮/૨૦૧૬

આમુખ

રાજ્યના પોલીસ કર્મચારીઓ/અધિકારીઓને ચુકવવાની થતી રકમના બીલ ૬ માસ કરતા વધુ સમય સુધી તિજોરી કચેરીમાં રજુ કરવામાં ન આવેતો નાણાકીય સત્તા સોંપણી નિયમો ૧૯૯૮માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ તેવા બીલ પ્રી ઓડીટને પાત્ર બને છે તથા તેવા બીલ તિજોરીમાં દાખલ કરવા માટે ગૃહ વિભાગની મંજુરીની આવશ્યકતા રહે છે.

પોલીસ કર્મચારીઓ/અધિકારીઓના બીલ ૬ માસ કરતા વધુ સમય સુધી બીન જરૂરી રીતે પડતર રાખી મુકવાના બનાવો અવાર નવાર બનતા હોવાનું સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે. બીન જરૂરી રીતે બીલો પડતર રહે તે સ્વચ્છ વહીવટ માટે યોગ્ય નથી આથી ભવિષ્યમાં પોલીસ કર્મચારીઓ /અધિકારીઓના બીલ બીનજરૂરી પડતર ન રહે તે માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની સુચનાઓ પરિપત્રીત કરવામાં આવે છે.

પરીપત્ર

પોલીસ કર્મચારી/અધિકારીઓને ચુકવવાની થતી રકમના બીલો પડતર ન રહે તે બાબતે દર માસે જે તે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ અધિકારી, જે તે યુનીટના ઇંચાર્જ પોલીસ અધિકારી તેમજ એસ.આર.પી જુથની કંપનીના કંપની કમાન્ડર વિગેરે અધિકારીઓએ દર માસે તેમની કચેરીમાં તપાસ કરી કોઇ પણ બીલ એક માસથી વધુ પડતર નથી તેવા સર્ટીફીકેટ સાથે અથવા બીલો પેન્ડીંગ હોયતો દરેક બીલ કયા કારણથી પડતર છે તેના કારણો સાથે અને હવે પડતર બીલ કેટલા સમય સુધીમાં રજુ કરવામાં આવશે તેની વિગતો સાથેનો અહેવાલ દર માસની પાંચમી તારીખ સુધીમાં સબંધિત મુખ્ય કચેરીને ઇ-મેઇલ મારફત રજુ કરવાનો રહેશે અને તેની નકલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીને તથા ગૃહ વિભાગને પણ ઇ-મેઇલ મારફત મોકલવાની રહેશે.

ઉપર મુજબની કાર્યવાહીમાં ચુક થયે સબંધિત ઇન્ચાર્જ અધિકારીઓ સામે તથા બીન જરૂરી અને યોગ્ય કારણ વગર એક માસથી વધુ સમય સુધી બીલ રાખી મુકનાર રાઇટર હેડ સામે ભારે શિક્ષાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઇ-મેઇલ મારફત મળેલ અહેવાલો સબંધિત મુખ્ય કચેરી/ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી/ગૃહ વિભાગના સબંધિત કર્મચારી/અધિકારીઓએ ચેક કરવાના રહેશે અને પેન્ડીંગ બીલો સમયસર રજુ કરવામાં આવે તે માટે સબંધિત કર્મચારી અધિકારીને જરૂરી સુચના આપી પેન્ડીંગ બીલો સમયસર રજુ કરાવવાના રહેશે

આ પરીપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ની તારીખ ૨/૮/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(એ.બી. ગોસાઇ)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ
(email so-c-home@gujarat.gov.in)

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય. પોલીસ ભવન,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહિવટ), પોલીસ ભવન,ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો), પોલીસ ભવન,ગાંધીનગર.
- ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રી/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ (રેન્જ)
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (જિલ્લાઓ)
- તમામ સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ,
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ

પોલીસ કર્મચારીઓ/અધિકારીઓના
બીલ સમયસર રજુ કરવા બાબત

ગૃહ વિભાગ, ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૧૬/૨૭૦૧/સ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૧૦/૨૦૧૬

આમુખ

પોલીસ કર્મચારીઓ/અધિકારીઓના બીલ વધુ સમય સુધી બીન જરૂરી રીતે પડતર રાખી મુકવાના બનાવો અવાર નવાર બનતા હોવાનું સરકારશ્રીના ધ્યાન પર આવતા, ભવિષ્યમાં પોલીસ કર્મચારીઓ /અધિકારીઓના બીલ બીનજરૂરી પડતર ન રહે તે માટે આ વિભાગના સરખા ક્રમાંકના તા. ૬/૮/૨૦૧૬ના પરિપત્રથી જરૂરી સુચનાઓ પરિપત્રીત કરવામાં આવેલ છે. જે મુજબ એક માસ કરતા વધુ સમયથી પેન્ડીંગ બિલોની વિગતો સાથેનો અહેવાલ દર માસની પાંચમી તારીખ સુધીમાં સબંધિત મુખ્ય કચેરીને ઇ-મેઇલ મારફત રજુ કરવા અને તેની નકલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીને તથા ગૃહ વિભાગને પણ ઇ-મેઇલ મારફત મોકલવાની રહેશે તેમ જણાવવામાં આવેલ. વિભાગના ઉક્ત પરિપત્ર મુજબની અમલવારી તાત્કાલીક કરવા માટે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે :-

ઠરાવ

દર માસે રજુ કરવાના થતા પેન્ડીંગ બિલો બાબતના અહેવાલના પત્રકનો નમુનો આ સાથે રાખેલ છે જે પત્રકમાં દર્શાવ્યા મુજબની વિગતો સહિતનો અહેવાલ દર માસે પાંચમી તારીખ સુધીમાં અચુક મોકલી આપવા સબંધિત દરેક કચેરીને કડક સુચના આપવા સબંધિત કચેરીના વડાઓ અને ખાતાના વડાઓને જણાવવામાં આવે છે. તા. ૬/૮/૨૦૧૬ના પરિપત્રથી આપવામાં આવેલ સુચનાઓની અમલવારી નહીં કરાવનાર કચેરીના વડા સામે સરકાર કક્ષાએથી પગલા લેવાની ફરજ પડશે જેની દરેકે નોંધ લેવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ગુંજન વ્હોરા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ
(email us-tcnt-home@gujarat.gov.in)
(email so-c-home@gujarat.gov.in)

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન,ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહિવટ), પોલીસ ભવન,ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો), પોલીસ ભવન,ગાંધીનગર.
- ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રી/ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ (રેન્જ)
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (જિલ્લાઓ)
- તમામ સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ,
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

કંપની/યુનિટ/પોલીસ સ્ટેશનનું નામ:- ..............................................................................................

અહેવાલનો મહિનો:- ..........................................

એક માસ કરતા વધુ સમયથી પેન્ડીંગ બિલોની વિગતો

---

| અ.નં | પેન્ડીંગ બિલોની વિગત | કઇ તારીખથી પેન્ડીંગ છે? | બિલ પેન્ડીંગ રહેવાના કારણો | બિલ, બિન જરૂરી પેન્ડીંગ રહેલ હોય તો જવાબદાર સામે પગલા લેવાની કાર્યવાહી ચાલુ **કરેલ છે કે કેમ?** | પેન્ડીંગ બિલ ક્યારે રજુ કરવામાં આવશે. |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

અહેવાલ રજુ કરનાર

અધિકારીની સહી અને હોદ્દો